## હાર્દિક અભિનંદન - શુભકામના

## ડો. વિવેક વિરેન્દ્ર ધોળકિયા (નયા અંજાર-કચ્છ)

તમને મા અંબા-ઈષ્ટદેવ હાટકેશ્વર તથા કુળદેવી ક્ષેમંકારી માતાજીના આશિર્વાદથી પ્રવરા ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સીઝમાં D.C.H.(બાળ રોગ નિષ્ણાત)માં લોણી મહારાષ્ટ્ર મધ્યે પ્રવેશ મેળવવા બદલ હાર્દિક અભિનંદન તથા આશિર્વાદ. આમ ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહો તેવી શુભેચ્છા...



ગં. સ્વ. નિર્મળા શશીકાન્ત ધોળકિયા - દાદા - દાદી
સ્વ. સૌ. ઉર્વશી કુસુમરાય અંજારીયા - નાના - નાના
સૌ. કૃષ્ના વિરેન્દ્ર ધોળકિયા - મમ્મી-પપ્પા
સૌ. ધૈર્યા નિકુંજ વોરા - બેન - બનેવી
સૌ. જલ્પા યશ પોટા - બેન - બનેવી
કુ. ઉર્વી વિરેન્દ્ર ધોળકિયા - બેન
સૌ. રેખાબેન ભુપતરાય અંજારીયા - ફઈ - ફુવા
સૌ. રંજન મુકેશ ધોળકિયા - કાકા - કાકી
સૌ. કિર્તીદા કશ્યપ ધોળકિયા - કાકા - કાકી
**તથા સમસ્ત કાંતિલાલ હાથીરામ ધોળકિયા પરિવાર**

- મો. ૯૮૨૪૨ ૨૧૪૫૬
ફોન : ૦૨૮૩૬-૨૪૧૩૧૦

## -:-:- મંગલ મેરેજ બ્યુરો -:-:-

**સંચાલક : મમતા ઢેબર - ફોન : ૦૨૮૧ ૨૫૭૦૬૮૧(મો) ૦૯૪૨૮૭૦૧૧૩૬**
**તા. ૫ જૂન પછી સંપર્ક કરવા વિનંતી...ઈમેઈલ :** mamtadhebar@yahoo.in.

**યુવકોની વિગત :**

(૧) મે ૮૬ બી.કોમ., B.Com, ICWA (ચાલુ)માટે ઉંચી,સ્લીમ કન્યા જોઈએ છે.(ગુજરાત)
(૨) ઓકટો.-૮૫ M.Com, MBA MNCમાં નોકરી કરતા યુવકને સમકક્ષ કન્યા. (મહારાષ્ટ્ર)
(૩) ડીસેમ્બર-૮૨ M.Com, MBA,(મંગળ) પ્રા. બેંકમાં ઓફિસરને ગૃહકાર્યમાં કુશળ કન્યા જોઈએ છે. (સૌરાષ્ટ્ર)
(૪) સપ્ટેમ્બર-૮૦ માસ્ટર ઓફ આઈ.ટી. ઓસ્ટ્રેલીયા સ્વતંત્ર વ્યવસાય કરતા યુવકને નોકરી કરતી કન્યા જોઈએ છે.
(૫) મે-૮૫ M.Sc., P.hd (લંડન) માટે યોગ્ય કન્યા જોઈએ છે.

**યુવતીની વિગત :** (૧) એપ્રિલ-૮૪ આર્કીટેકટ એન્જી., ઉંચાઈ ૫'.૩" માટે સમકક્ષ યુવાન જોઈએ છે.(ગુજરાત) (૨) જૂન-૮૪ સી.એસ. ઉંચાઈ ૫'.૪" એમએનસી.માં નોકરી કરતી કન્યા ને સમકક્ષ યુવક.

(**સગાઈના અભિનંદન :** ગ્યાના દવે અને માલવ-વૈદેહી માંકડ અને કૃતાર્થ - મેઘા ઓઝા અને સંકેત)

તમે મકાન ખરીદી કરી શકો પણ તેને ઘર તો પરીવારજનો જ બનાવી શકે.

# સમાચાર સંચય

☯ **અમદાવાદ :** શ્રીમતી હરસિદ્ધિ કિરાત અવાશીયાએ વિશ્વ આરોગ્ય દિન નિમિત્તે આર્ટ ઓફ લીવીંગ દ્વારા આયોજિત ૧૦૮ સૂર્ય નમસ્કાર માત્ર ૩૮ મિનિટમાં વચ્ચે વિરામ વગર પૂર્ણ કરવાની સિદ્ધિ મેળવી. તેઓ જીમ યોગાભ્યાસના વર્ગો પણ ચલાવી રહયાં છે. સંપર્ક : hetwee1@yahoo.com

☯ અત્રેના મા. વીણાબેન મહેશચંદ્ર અંજારીયાનાં ૭૫ વર્ષ પૂર્ણ કરતાં તેઓના પુત્ર પુત્રીઓ-જમાઈઓ એ સાથે મળી ભાવપૂર્વક અમૃત મહોત્સવની ઉજવણી કરી. પ્રસંગોચિત ફિલ્મી ગીતો સાથે કેક કાપ્યા બાદ આશિર્વાદ અને અલ્પાહાર લઈ સૌ છૂટા પડેલ.

☯ વસ્ત્રાપુર ખાતેના તળાવને નરસિંહ મહેતા સરોવર નામકરણ કરાયા બાદ ત્યાં મહેતાજીની પ્રતિમા મુકવાનું નકકી કરવામાં આવતાં જ્ઞાતિજનો તરફથી સહાય તથા વચનો મળી રહયાં છે. અનાવરણ તથા તેની જાળવણી માટે શ્રી વિનાયકભાઈ બુચ, પ્રિયવદનભાઈ મહેતા તથા ડો. જયંતભાઈ વસાવડાની અલગ સમિતિ રચવામાં આવી છે. જ્ઞાતિજનો પોતાની સહયોગ રાશી શ્રી હાટકેશ ફાઉન્ડેશન-નરસિંહ મહેતા ટ્રસ્ટના નામના ચેકથી મોકલી શકે છે. વિશેષ માહિતી માટે ડો. જયંતભાઈ વસાવડાનો ફોન : ૦૭૯- ૨૬૬૧૨૯૬૯ ઉપર સંપર્ક કરશો.

☯ ૪ વર્ષના બાળકને સાચવી-ભણાવી શકે તેવાં નાગર બહેનની જરૂર છે. સંપર્ક કરો : નિયતીબેન- ૯૦૩૩૦૪૪૧૨૯

☯ શ્રી કચ્છ સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળ ના ઉપક્રમે તા. ૭-૪ શનિવારના રોજ પાટોત્સવ પર્વ ઉજવવામાં આવ્યું હતું, આ પર્વ જ્ઞાતિ માટે તરણેતરના મેળા સમાન છે દરેક વર્ગ વિભાગના જ્ઞાતિજનોને પોતાના સંતાનો ને પ્રોજેકટ કરવાની તક સાંપડે છે. અને યુવાનોને પ્રોજેકટ થવાની પણ !! આ પ્રસંગે સૌ પ્રથમ યુવા ડીરેકટરી ૨૦૧૨ અંગેની માહિતી શ્રી મહેશભાઈ વસાવડાએ આપ્યા બાદ આ ડીરેકટરી માટે અથાક જહેમત ઉઠાવનાર શ્રી અમીતભાઈ દેસાઈ તથા શ્રીમતી હિનાબેન દેસાઈના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ડો. જયંતભાઈ વસાવડા દ્વારા ભગવાન ચંદ્રમૌલીની પ્રાર્થના સ્તુતિ બાદ લગભગ ૧૨૦૦ જેટલા જ્ઞાતિબંધુઓએ રસ પુરી સમેતની વિધવિધ વાનગીઓ પ્રસાદ તરીકે આરોગી હતી.

☯ શ્રી કચ્છ સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળ તરફથી પાટોત્સવ પૂજન તથા સ્નેહ ભોજન બે અલગ દિવસે આનંદ ઉત્સાહપૂર્વક યોજાયા. તા. ૫-૪-૧૨ ગુરુવાર પાટોત્સવના દિવસે શ્રી મહેશભાઈ વસાવડાના નિવાસસ્થાન ખાતે સંપુર્ણ શાસ્ત્રોકત વિધિપૂર્વક લઘુરુદ્ર રાખવામાં આવેલ , પાંચ ભૂદેવો દ્વારા યોજાયેલ પાઠાત્મક લઘરુદ્રના યજમાન શ્રી વિપુલ ગ. વૈષ્ણવ હતા બપોરના ૩ વાગ્યે શરૂ થયેલ આ લઘુરુદ્ર સાંજના ૭ વાગ્યે આરતી સાથે સંપન્ન થયો હતો. લગભગ ૧૩૫ જેટલા જ્ઞાતિજનો આ પ્રસંગે ઉપસ્થિત રહેલા,આરતી પ્રસાદ બાદ ઉપસ્થિત સર્વેને વૈષ્ણવ-વસાવડા પરીવાર તરફથી મહાપ્રસાદનું આયોજન થયેલ. પૂજનમાં શ્રી મહેશકાંત વસાવડા ,શ્રીમતી રૂચિરા વસાવડા તથા મા. વીણાબેન વૈષ્ણવ(૮૯ વર્ષ) બેઠાં હતાં.

☯ અત્રે સ્થિત શ્રી ગૌરવ મહેશભાઈ દેસાઈ અને શ્રીમતી હિતાર્થી દેસાઈ એ જુનાગઢ ખાતેના વાઘેશ્વરી

માતાજીના પ્રાંગણમાં તા. ૨૮/૪ ના રોજ સમગ્ર પરીવારજનોની હાજરીમાં હોમાત્મક નવચંડી યજ્ઞ સંપન્ન કર્યો. સાંજે પ્રસાદ-ભોજન યોજ્યા બાદ સૌને સ્મૃતિચિન્હ આપેલ.

☯ **જામનગર :** ચિ. મીત હિતાર્થ વૈશ્નવને યજ્ઞોપવિત સંસ્કાર અપાયા.

☯ રાજકોટ ખાતે તાજેતરમાં રમાઈ ગયેલ સ્વ. શ્રીમતી કમલાબેન નિષીતભાઈ બુચ સ્મૃતિકપ-૨૦૧૨ ઓપન ગુજરાત ટેનીસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં કુલ ૧૬ ટીમે ભાગ લીધેલ જેમાં ફાઈનલમાં જામનગરની જ 'એ' અને 'સી' ટીમ આવેલ જેમાંથી 'એ' ટીમ ચેમ્પીયન થતાં તેના કેપ્ટન શ્રી અમીત પરશુરામ ઓઝાને ટ્રોફી તથા રૂા. ૧૫૦૦/- એનાયત થયેલ. અક્ષત બુચ મેન ઓફ ધી મેચ તથા ચીરાગ દેસાઈ મેન ઓફ ધી સીરીઝ જાહેર થયા હતા.

☯ જ્ઞાતિના સક્રીય કાર્યકર શ્રી ડી. પી. ધોળકિયા સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની એસ.એસ.આઇ. ઉદ્યોગનગર શાખામાં બ્રાન્ચ મેનેજર તરીકે નિયુકત થયા.

☯ ડો. અદિતિ ધોળકિયા સયાજીરાવ મેડીકલ કોલેજ માંથી ગૌત્રી મેડીકલ કોલેજ વડોદરા ખાતે આસી. પ્રોફેસર તરીકે બઢતી સાથે નિમાયાં.

☯ તાજેતરમાં સરકારી કર્મચારીઓના લાભાર્થે શ્રી મહાલક્ષ્મી ધિરાણ મંડળીની સ્થાપના કરવામાં આવતાં જિલ્લા પંચાયતના કર્મચારી શ્રીમતી હિના નવિનચંદ્ર દેસાઈ (ડી.પી. ધોળકિયાના પત્ની) ઉપપ્રમુખ તરીકે નિમાયાં.

☯ **જૂનાગઢ :** શ્રી ચિંતન હરીશભાઈ વૈશ્નવ હળવદ ખાતે મામલતદાર/એકઝી. મેજીસ્ટ્રેટ તરીકે નિમાયા. આ ઉપરાંત હળવદ નગરપાલિકાના ચીફ ઓફિસરનો પણ હવાલો (ચાર્જ) સંભાળશે.

☯ તારીખ ૨૮-૧૧ થી ૨૩-૧૨ દરમિયાન ખેલ મહાકુંભ રમતગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગ ગાંધીનગર દ્વારા યોજવામાં આવેલ ૬૦ વર્ષથી ઉપરના વય જુથમાં ભાઈઓની યોજાયેલ ટેનીસ સ્પર્ધામાં ૭૦ વર્ષે પણ ખમીર જાળવી શ્રી હરીષભાઈ (ગોટીકભાઈ) ઓઝાએ ભાગ લઈ દ્વિતીય સ્થાન મેળવી રૂા ૨૭૦૦નું રોકડ પારીતોષીક અને સર્ટીફિકેટ મેળવેલ.

☯ તાજેતરમાં તા. ૮-૪ ના રોજ ગુજરાત સરકાર તરફથી ક્રોસ કન્ટ્રી રેસ ઓફ ગુજરાત ૨૦૧૨ ફાસ્ટ રનીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં ઈન્દ્રેશભાઈ વૈષ્ણવે ૫ કી.મી. ફાસ્ટ રનીંગ કરી દ્વિતીય સ્થાન તથા જાગૃતિબેન ખારોડ એજયુકેશન ટ્રસ્ટ દ્વારા યોજાયેલ ફાસ્ટ વોકીંગ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવેલ છે. આ જ સ્પર્ધામાં કીર્તનાબેન પંચોલીએ ભાગ લઈ બહેનોની રનીંગ સ્પર્ધામાં દ્વિતીય સ્થાન મેળવેલ છે.

☯ કુ. રીધમ કુમારભાઈ ધોળકિયા ડીપ્લોમા સીઇના ત્રીજાં સેમેસ્ટરમાં ૮૫% સાથે ઉત્તીર્ણ થયાં.

☯ કુ. કક્ષા કુમારભાઈ ધોળકિયા ધ્રોલ ખાતે યોજાયેલ નાટય સ્પર્ધામાં બેસ્ટ એકટીંગ માટે રાજ્યમાં પ્રથમ સ્થાન મેળવ્યું. અને આ નાટકને બીજું સ્થાન મળ્યું.

☯ **રાજકોટ :** પ્રજ્ઞા પરિવાર અને અ. ભા. ના. પરિષદના ઉપક્રમે જીવન સાથી પસંદગી અભિયાન તા. ૨૦/૫/૧૨ના યોજાનાર હતો જે તારીખ એક માસ લંબાવવામાં આવતાં તા. ૧૭/૬/૧૨ના રોજ યોજાશે. ઉમેદવારોએ પોતાના ફોર્મ તા. ૫ જૂન સુધીમાં શ્રી મહેન્દ્રભાઈ ભટ્ટ, ૨ છોટુનગર, રૈયા રોડ, રાજકોટ-૭ને

પહોંચતા કરવાના રહેશે. ફોર્મ મેળવવા તથા માહિતી માટે સંપર્ક : મો. ૯૮૯૮૦૨૯૪૨૧.

☯ તા. ૭ અને ૮ એપ્રિલના રોજ લુધીયાણા ખાતે યોજાયેલ તાઈકવોન્ડો ચેમ્પિયનશીપમાં બ્રીજેશ નીતાબેન ખારોડે સમગ્ર ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી પ્રથમ સ્થાન સાથે ગોલ્ડ મેડલ મેળવ્યો.

☯ છેલ્લાં ૪૦ વર્ષ સુધી બાળકોને ચારિત્ર ઘડતર સાથે મજબૂત પાયા સાથે શિક્ષણ આપી રહેલ મા સરસ્વતીના ઉપાસકો માંકડ બંધુઓ શ્રી કશ્યપભાઈ, ઉમેશભાઈ, પરિમલભાઈ તથા મયંકભાઈ ઈચ્છાશંકર માંકડ કોચીંગ કલાસ ચલાવી રહેલ. જેમાં તેઓના સંતાનોનું પણ યોગદાન રહેલ. આગામી વર્ષથી માંકડ બંધુઓ સ્વૈચ્છિક સેવા નિવૃત્ત થઈ રહયા છે. અને નવનિવાસ વિશ્રાંતિ, પ્રભુ રેસીડેન્સી, ૧૭ દ્વારકેશ પાર્ક, રૈયા રોડ, રાજકોટ-૭ ખાતે સ્થાનાંતર કરેલ છે.

☯ આકાશવાણી રાજકોટ ઉપરથી બપોરના ૧૨ઃ૩૦ થી ૧ દરમ્યાન પ્રસારિત થતા 'પનઘટ' કાર્યક્રમમાં તા. ૭/૬/૧૨ના રોજ 'વિસરાયેલી કલા ભરતગૂંથણ, ચાકળા, ચંદરવા' વિષય ઉપર શ્રીમતી જયશ્રીબેન માંકડનો વાર્તાલાપ રજૂ થશે.

☯ શ્રી પ્રણવાનંદ સંસ્કૃત પ્રચાર ટ્રસ્ટ દ્વારા સંસ્કૃત વિષયમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માંથી વર્ષ ૨૦૧૦-૨૦૧૨ માં પી.એચ.ડી. પદવી પ્રાપ્ત કરનારને શ્રી નરહરીપ્રસાદ જોષીપુરા અમૃતોત્સવ સ્મૃતિ અર્ધ્ય અર્પણ કરવામાં આવશે., પ્રમાણપત્રની ખરી નકલ મંત્રીશ્રી કૌશિકભાઈ છાયા, સત્ ચિત્ આનંદ ૬- વૈશાલીનગર રૈયા રોડ રાજકોટ-૩૬૦ ૦૦૭ (મોબાઈલ ૯૮૨૪૯૦૧૦૫૧) ને મોડામાં મોડી તા. ૫-૫-૨૦૧૨ સુધીમાં પહોંચાડવા ટ્રસ્ટની યાદીમાં જણાવાયું છે.

☯ શ્રી મિહિર કૌશિકકુમાર છાયા સાયન્સ ઓલ્મીયાર્ડ ફાઉન્ડેશન દ્વારા લેવાયેલ ધોરણ ૧૨માં નેશનલ સાયન્સ ઓલમ્પીયાડ સેકન્ડ લેવલમાં સમગ્ર મોદી સ્કૂલમાં સર્વપ્રથમ અને સમગ્ર રાજયમાં ૧૫ માં ક્રમે સફળતા પ્રાપ્ત કરેલ છે. શ્રી આર.કે. યુનિવર્સિટી દ્વારા યોજાયેલ કે.એસ. પટેલ મેરીટ એવોર્ડ માં સમગ્ર ગુજરાત રાજયમાં ચોથો ક્રમ પ્રાપ્ત કરી રૂા ૧૧૦૦૦/- નો મેરીટ એવોર્ડ પણ માનનીય નાણામંત્રીના હસ્તે પ્રાપ્ત કર્યો.

☯ અત્રેના તુલન ઉત્કલ વૈષ્ણવ પંડીત દીનદયાળ ઉપાધ્યાય માઉન્ટેનીયરીંગ ટ્રેનીંગ સેન્ટર જુનાગઢ ખાતે તા. ૨૬-૪ થી ૨૬-૫-૨૦૧૨ સુધી યોજાયેલ ૧૨૯ એડવેન્ચર કોર્સ ઈન રોક કલાઈમ્બીંગ માં ભાગ લઈ આવ્યા.તા. ૬-૫-૨૦૧૨ ના રોજ આકાશવાણી રાજકોટના બાલસભા કાર્યક્રમમાં તેમની ગ્લોબલ વોર્મીંગ વિષયક રેડીયો ટોક પ્રસારીત થઈ.

☯ જુનાગઢ ખાતે રાષ્ટ્રીય બાલભવન ન્યુ દિલ્હી સંલગ્ન રૂપાયતન બાલભવન તરફથી તા. ૨૨-૪ થી ૨૫-૪ -૧૨ કલાકાર્ય શિબિરનું નિઃશુલ્ક આયોજન સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી હેમંત નાણાવટી, શ્રીમતી મોક્ષા મહેતા તથા સુ શ્રી પ્રચેતાબેન વોરા ના સુદીર્ઘ સંચાલન થકી થયેલ. જેમાં જ્ઞાતિના નીચે મુજબના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધેલ. ક્ષિતી વૈષ્ણવ, તુલન વૈષ્ણવ ,વ્યોમ માંકડ,તેજ વૈદ્ય, રાધા મહેતા, મહેક માંકડ, તીર્થા વૈદ્ય, હરીત આચાર્ય, આસ્થા માંકડ,અક્ષા ધોળકિયા,રીતી ઝાલા,દીવ્યમ વસાવડા,સીહુલ વસાવડા,પૂજન બુચ,પરી ખારોડ, કેદાર બુચ, ભવન જીકાર,મંથન જીકાર, દેબશ્રી નાણાવટી,કૈરવ ત્રિવેદી, હીરવા નાણાવટી, શ્રેષ્ઠા નાણાવટી, નિષ્ઠા નાગર, ઈશાની બુચ, ખુશી છાયા,નેહીત વસાવડા,વિપા

વસાવડા,અને હિતાક્ષી વૈષ્ણવ.

☯ **પોરબંદર :** રાજેન્દ્રભાઈ બી. ઓઝા સપરિવાર વૈશ્નવીદેવી અને જમ્મુ કાશ્મીરના પ્રવાસે જઈ આવ્યા.

☯ શ્રી વિભાકર એમ. માંકડ એસબીઆઇ લાઈફમાં ભાવનગરથી અત્રે બદલાયા.

☯ **મહુવા :** શ્રીમતી હિતેશી હરેશભાઈ મહેતા–દેવાંશુ મહેતા વૈશ્નવીદેવી અને જમ્મુ કાશ્મીરના પ્રવાસે જઈ આવ્યા.

☯ **ઉના :** અત્રે સ્થિત શ્રી જીતુભાઈ ડી. દેસાઈએ ગરબા સ્તવન, સ્તુતિની પુસ્તિકા 'પંચામૃત' છપાવેલ છે જે મેળવવા 'માઈકૃપા' મહાવીરનગર સોસાયટી, દેલવાડા રોડ, ઉના–૩૬૨ ૫૬૦નો સંપર્ક કરવો.

☯ **સુરેન્દ્રનગર :** અત્રેના સામાજીક અને આરોગ્ય સેવાઓ સાથે દાયકાઓથી સંકળાયેલા, નાગર મંડળના વરિષ્ઠ સલાહકાર, જાણીતા સર્જન ડો. પી. એન. ખારોડને બ્રહ્મસેના તરફથી પરશુરામ જયંતિના રોજ તેઓની દરેક ક્ષેત્રની અનન્ય સેવા બદલ પરશુરામ એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા.

☯ **ભરૂચ :** શ્રી કૌશલ અશ્વિનભાઈ વૈશ્નવ જીપેક પાવર પ્લાન્ટમાં માત્ર પાંચ વર્ષના ટૂંકા કાર્યકાળ માં બીજીવાર બઢતી મેળવી મેનેજરમાંથી સિનિયર મેનેજર તરીકે બઢતી મેળવી.

☯ **આણંદ :** નાગર મંડળ દ્વારા પાટોત્સવની આનંદભેર વિવિધ રીતે ઉજવણી કરવામાં આવી હતી...રાધાકૃષ્ણ મંદિરમાં શ્રી બકુલ ભટ્ટ દંપતીના યજમાન પદે પૂજાવિધિ કરવામાં આવેલ. સાંજના ૭ વાગ્યે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં નાના ભૂલકાંઓથી સિનીયર સીટીઝન વડીલોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં વડીલદંપતીઓનું સન્માન કરવામાં આવ્યા બાદ નવા વર્ષની કારોબારીની રચના કરાયા બાદ અંતમાં સમૂહભોજન લઈ સૌ વિખરાયાં હતાં. કારોબારીની જહેમતે કાર્યક્રમને દીપાવ્યો હતો.

☯ **વલ્લભવિદ્યાનગર:–** વ.મુ. સુજ્ઞકુમાર દેસાઈ (ધમ્મુભાઈ) તથા સૌ. વ. ચૈતન્યબેન દેસાઈના લગ્ન જીવનનાં ૬૦ વર્ષ પૂર્ણ થતાં તેમની ષષ્ઠીપૂર્તિ ઉજવવા માટે દેસાઈ પરીવારનો કુટુંબમેળાનો સમારંભ કરમસદ ખાતે તા. ૨૧–૧ અને ૨૨–૧ના રોજ ઉજવી સૌએ સારા માઠા પ્રસંગો યાદ તાજી કરી હતી. આ અવસરે શ્રી ધમ્મુભાઈની દોહિત્રી દીપાલીએ તેઓના નિવાસસ્થાન 'અર્ઘ'ને કેન્દ્રસ્થાને રાખી 'અર્ઘનો માળો' નામે દરેક વ્યકિતના અભિપ્રાય અને ફોટા સાથેની સુંદર પુસ્તીકા કુટુંબની વ્યકિતઓને ભેટ રૂપે આપી હતી.

☯ **નવસારી :** દર વર્ષ મુજબ ઈષ્ટદેવ નો પાટોત્સવ અત્રેના જ્ઞાતિબંધુઓએ સાથે મળી ભાવભેર ઉજવ્યો, શ્રી પરેશભાઈ અંતાણી અને સાથીદારોની જહેમત અને શ્રી ચેતનભાઈ –સરોજબેન પોટાની સુંદર વ્યવસ્થા સાથે આયોજન કર્યું હતું.

☯ **વેરાવળ :** તા. ૫–૪–૧૨ ના રોજ દાદાના પાટોત્સવની ઉજવણી નિમિતે શ્રી હાટકેશ શિવાલય ખાતે ડો. રસેન્દુ જોષીપુરા તરફથી રુદ્રાભિષેક તથા મહાનૈવેધ થાળ તથા શ્રી મનોજભાઈ દેસાઈ તરફથી દીપમાળા કરવામાં આવેલ ત્યારબાદ મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી દિનેશ વૈષ્ણવ તથા તેમની ટીમે સમગ્ર કાર્યક્રમની આયોજન વ્યવસ્થા સંભાળી દીપાવી હતી.

*મકાન ની ભૂગોળ સારી અને ઘરનો ઈતિહાસ સારો.*

☯ **જામખંભાળીયા :** પોરબંદરના સ્વ. બાબુભાઈ તથા સ્વ. બહાદુરભાઈ માંકડના પરિવાર દ્વારા તા. ૧૯/૪થી ૨૧/૪ દરમ્યાન શતચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે પ્રસાદભોજન રાખવામાં આવેલ. આરતી, ગરબા તથા હવન દર્શનનો જ્ઞાતિજનોએ લાભ લીધો.

☯ **ઉના :** દર વર્ષ મુજબ ઈષ્ટદેવના પ્રાકટયોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. સાંજે હાટકેશ્વર મંદિરમાં આરતી દર્શન કરી શ્રી કનકેશ્વરી માતાજીના સંકુલ ખાતે સમૂહ પ્રસાદ ભોજન માટે પહોંચેલ. શ્રી ભરતભાઈ વોરાના સૌજન્યથી સૌએ શીખંડ,પુરી બટેટાંવડાં આરોગેલ.

☯ **ભાવનગર :** ગુજરાત સ્ટેટ કાઉન્સીલ ફોર બ્લડ ટ્રાન્સફ્યુઝન અને ભાવનગર બ્લડ બેંકના સંયુકત ઉપક્રમે જિલ્લા સમાહર્તાના અધ્યક્ષ પદે યોજાયેલ એક દિવસીય શિબિરમાં ૧૦૭ વખત રકતદાન કરનાર રકતદાતા શ્રી જયેશ કુંદનભાઈ અંતાણીના પુત્ર અને ૧૯ વર્ષના પ્રારંભથી જ રકતદાન શરૂ કરનાર પ્રતીક અંતાણીને કલેકટરશ્રી સાથે દીપપ્રાકટય કરવાનું બહુમાન મેળવ્યું હતું, ઉપરાંત "પપ્પાના પગલે પ્રેરણા" વિષય ઉપર મનનીય વકતવ્ય આપી ૩૦૦ થી વધુ ઉપસ્થિત આમંત્રિતોને પ્રભાવિત કર્યા હતા.

☯ **માધાપુર–કચ્છ :** ચૈત્રી નવરાત્રી નિમિતે નાગર બહેનોના બેઠા ગરબા સુજ્ઞાબેન બક્ષીના નિવાસસ્થાને રાખવામાં આવેલ,બહોળી સંખ્યામાં ઉપસ્થિત બહેનોએ અવનવા ગરબાની રમઝટ બોલાવેલ, આ ઉપરાંત ચૈત્રી પૂનમના રોજ ૧૦૮ હનુમાન ચાલીસાના પાઠનું આયોજન કરવામાં આવેલ હતું.

☯ **મુંબઈ :** દહીંસર સ્થિત શ્રી વિરેશભાઈ મણીપ્રસાદ વછરાજાની અને અ. સૌ. હર્મિલા વછરાજાની એ લગ્નજીવનનાં ૫૦ વર્ષ પૂર્ણ કર્યાં.

**સગપણ – સગાઈ :** – ઉનાનાં બરછી પ્રતિનિધિ વૃત્તિબેન થિયુકેશભાઈ દેસાઈનું સગપણ રાજકોટ નિવાસી ચિરંતન મયુરભાઈ દેસાઈ સાથે થયું.

– પોરબંદર નિવાસી પલ્લવ નયનકુમાર ઝાલાનું સગપણ જુનાગઢ નિવાસી નિખીલભાઈ વૈષ્ણવનાં પુત્રી હલક સાથે.

– અમદાવાદ સ્થિત રાજેશ દીનકરરાય ધોળકિયાનાં પુત્રી ફલકનું સગપણ અમદાવાદ સ્થિત દીગીશભાઈ હરકાંતભાઈ વોરાના પુત્ર કૃતિક સાથે.

– કુણાલ દિનેશભાઈ વોરાનું સગપણ ગ્રીષ્મા પુષ્પેન્દ્રભાઈ નાણાવટી સાથે.

– રાજકોટ સ્થિત અભિષેક હિમાંશુભાઈ બક્ષીનું સગપણ પ્રભાસ પાટણ નિવાસી ઉષ્મા તુષારભાઈ દેસાઈ સાથે.

**પ્રભુતામાં પગલાં :** વિદ્યાનગર સ્થિત જ્યોતીષભાઈ દેસાઈનાં પુત્રી નીપાના લગ્ન વડોદરા નિવાસી શ્રી પરમેશભાઈ ત્રિવેદીના પુત્ર સૌનક સાથે.

**નોંધ લેશો... :** પરીક્ષાના પરિણામો મળી રહયાં છે...આવતા અંક સુધીમાં દરેક પરીક્ષાના પરિણામો બહાર પડી જશે તેથી આવતા અંકમાં સંકલન કરી એક સાથે પ્રકાશિત કરવામાં આવશે. અમારી સુગમતા અર્થે વહેલાસર લખી મોકલવા કે ફોનથી લખાવી દેવા વિનંતી. બરછીની વેબસાઈટ ઉપર સંતાનોના પરિણામ મૂકી શકો છો.આ અંકના સંકલિત સુવાકયો જયેશ અંતાણી (ભાવનગર) દ્વારા સાભાર.. –તંત્રી.

કેટલાક મા બાપો બાળકોને ઉછેરતા નથી માત્ર મોટા કરે છે.

## કુ. ભાષા મારૂ એચ.એસ.સી.માં ૯૯.૮૮% સાથે ઉત્તીર્ણ



તાજેતરમાં લેવાયેલ ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ(એ-ગ્રુપ)ની પરીક્ષામાં રાજકોટનાં શ્રીમતી પ્રાપ્તિ તથા ડો. રાજીવ મારૂ (બાળરોગ નિષ્ણાત)નાં પુત્રી કુ. ભાષા મારૂ ૯૯.૮૮% ગુણાંક સાથે A1 ગ્રેડ મેળવી ઉત્તીર્ણ થઈ જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે. ચિ. ભાષા ધો. ૧૦માં પણ સેન્ટરમાં સ્થાન પામેલ. તેણી શ્રીમતી અંજનીબેન અને શ્રી પ્રફુલ્લભાઈ મારૂનાં પૌત્રી તથા શ્રીમતી ધનવિદ્યાબેન અને શ્રી સીતારામભાઈ ખારોડનાં દોહિત્રી થાય. અભિનંદન સાથે મનપસંદ ક્ષેત્રમાં આગે બઢોની શુભકામના.

## અંબાજી ખાતે જ્ઞાતિજનોએ લીધો પૂજન અર્ચન સાથે અન્નકૂટનો લ્હાવો

સમગ્ર ગુજરાત નાગર પરિષદ (મહામંડળ) અમદાવાદ દ્વારા તા. ૧૨ થી ૧૫ એપ્રિલ દરમ્યાન સમગ્ર ગુજરાત અને મહારાષ્ટ્રના જ્ઞાતિજનોને શકિતપીઠ અંબાજીના નીજ મંદિરમાં રાત્રીના ૯ થી ૧૨ દરમ્યાન વિશેષ પૂજન અર્ચનનો અલભ્ય લાભ મળ્યો. આ દિવસો દરમ્યાન મુગટા અને રેશમી વસ્ત્રોમાં સજજ ભાઈઓ બહેનોએ પૂજન અર્ચન સાથે રાજકોટના શ્રી આનંદ બુચ, વિરંચી બુચ, તુષાર પોટા, હર્ષલ માંકડ વગેરેના વાદ્યવૃંદના સંગાથે સૌએ સ્તુતિ, આનંદના ગરબા તથા રાસ ગરબાની રમઝટ પણ બોલાવી હતી.વ્યકિત દીઠ રૂા. ૧૦૦માં સવારે ફરાળ અને રાત્રે મિષ્ઠ ભોજનની સુંદર વ્યવસ્થા હતી. તા. ૧૨/૪ના રોજ નાગર મિત્રના તંત્રી શ્રી મહેશભાઈ દેસાઈ દ્વારા ધ્વજારોહણ અને રાત્રી થાળ, તા. ૧૩/૪ અમદાવાદ સ્થિત અમદાવાદ સ્થિત શ્રી નિતીનભાઈ મહારાજા પરિવાર દ્વારા ધ્વજારોહણ અને રાત્રી થાળ, તા. ૧૫ના રોજ સવારે સુભાષભાઈ ભટ્ટ પરિવાર દ્વારા હોમાત્મક નવચંડી યજ્ઞ અને ગાંધીનગરના શ્રી અરૂણભાઈ બુચ દ્વારા બપોરના થાળ તેમજ શ્રી નમન નરેશભાઈ રાજા અને અલ્કેશભાઈ ભટ્ટ પરિવાર તરફથી ૮૬ વાનગીઓનો અન્નકોટ માતાજીના ચરણે ધરાવવામાં આવ્યો હતો.

શ્રી નરેશભાઈ રાજા તથા તેમના સાથીદારો, રાજકોટના શ્રી રાજીવભાઈ વછરાજાની, અતુલભાઈ વૈશ્નવની આયોજન વ્યવસ્થા થી લગભગ ૪૦૦ જેટલા બંધુઓએ માતાજીના પૂજન અર્ચનનો નીકટથી લાભ લઈ ધન્યતા અનુભવી હતી. દર વરસે આવું આયોજન થતું રહે તેવી લાગણી વ્યકત કરી સૌ સ્વસ્થાને જવા રવાના થયા હતા.

## આંતરરાષ્ટ્રીય સ્કોલરશીપ મેળવતા હેમ ધોળકિયા



આઈ.આઈએમ.માં હેલ્થકેર મેનેજમેન્ટમાં પી.એચડી.નો અભ્યાસ કરી રહેલ મુંબઈના હેમ હિમાન્શુ ધોળકિયાને 'ઈન્ટરનેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ એપ્લાઇડ સીસ્ટમ એનાલીસીસ' (ઓસ્ટ્રીયા-યુરોપ) માંથી યુવા વૈજ્ઞાનિક તરીકે શિષ્યવૃત્તિ મેળવી કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષેલ છે.

તેજસ્વી અભ્યાસ કારકિર્દી ધરાવતા હેમ ધોળકિયાએ જી. એસ. મેડીકલ કોલેજ મુંબઈ ખાતેથી પ્રથમ ક્રમાંક સાથ બી.એસસી. (ફીઝીયો) તથા Brighton University U.K. થી એમ.એસ.(ફીઝીયો)નો અભ્યાસ કરેલ છે.અભિનંદન.

*ચાર દિવાલો વચ્ચેના શૂન્યાવકાશ ને સ્વર્ગ બનાવે તે ગૃહિણી*

## ડૉ. ધર્મેશ વસાવડા એમ.ડી.એસ.માં ગોલ્ડ મેડાલીસ્ટ



વડોદરા સ્થિત ડો. ધર્મેશ ગીરીશભાઈ વસાવડા તાજેતરમાં સુમનદીપ યુનિવર્સિટીમાંથી 'માસ્ટર ઓફ ડેન્ટલ સર્જન'માં સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન મેળવી ગોલ્ડ મેડલ મેળવવા યશભાગી થયા. આ સફળતામાં તેમનાં ધર્મપત્ની ડો. અદિતિ ધોળકિયાનો પ્રેરણાત્મક સહકાર સાંપડયો હતો.

ડો. ધર્મેશ વસાવડા સ્વ. મગનલાલ શિવલાલ વસાવડા તથા સ્વ. હરબાળાબેનના પૌત્ર તેમજ સ્વ. નવનીધરાય વેણીલાલ છાયા તથા મા. હંસાબેનના દોહિત્ર, શ્રી ગીરીશભાઈ વસાવડા તથા જયશ્રીબેનના પુત્ર અને શ્રી દિનેશભાઈ પ્રદ્યુમ્નરાય ધોળકિયા તથા હિનાબેનના જમાઈ થાય. અભિનંદન સહ વધુ ઉજ્જવળ ભાવીની શુભકામના.

## યુવા વૈજ્ઞાનિ કુ. હિરલ ઘોડાદરા



અમદાવાદ ખાતે 'ઇસરો'માં સાયન્ટીસ્ટ એન્જીનીયર (વર્ગ-૧) તરીકે ફરજ બજાવી રહેલાં કુ. હિરલ ઘોડાદરા (ડો. ભરત કનકરાય ઘોડાદરા (નિવૃત્ત નિયામક એમ.એન.જે. નેત્રચિકિત્સાલય)અને શ્રીમતી ગીરા ભરત ઘોડાદરાનાં પુત્રી)ને ભારતના મહાત્વાકાંક્ષી ઉપગ્રહ રીસેટ-૧ તા. ૨૬/૪/૧૨ના રોજ સફળતાપૂર્વક અવકાશમાં કાર્યરત થયા બાદ પ્રોજેક્ટ ટીમમાં તા. ૨૯/૪થી પખવાડીયા માટે બેંગલોર મોકલવામાં આવ્યાં હતાં. ચંદ્રયાન પ્રોજેક્ટમાં પણ તેમણે મહત્વની કામગીરી બજાવી હતી.

વિજ્ઞાન ક્ષેત્રે જ્ઞાતિની યુવા પ્રતિભાઓ સતત ઝળકી રહી છે જેની ધન્યતા સાથે આપણે 'ઉપર ઉડીએ...' બેન હિરલને અભિનંદન સહ કુટુંબ, જ્ઞાતિ અને દેશને ગૌરવ અપાવતાં રહો તેવી શુભેચ્છા.

## કુ. હિરલ સ્નેહલભાઈ વોરા



જૂનાગઢનાં કુ. હિરલ સ્નેહલભાઈ વોરાએ તાજેતરમાં જીટીયુ દ્વારા લેવાયેલ એમ.બી.એ. (સેમેસ્ટર -૩) ની પરીક્ષા એચ. આર. વિષય સાથે ૯૪.૪% સાથે વેકરીયા કોલેજમાં પ્રથમ સ્થાન સાથે ઉત્તીર્ણ કરી કુટુંબને ગૌરવ બક્ષેલ છે. અભિનંદન.

## પાર્થ પંડયાની ગુજરાત વિદ્યાપીઠમાં સંકલનકાર તરીકે નિયુકતી

અનેક શિક્ષણ સંસ્થાઓ સાથે સંકળાયેલા રહેલા પ્રખર શિક્ષણવિદ્ સ્વ. દુષ્યંતભાઈ પંડયાના પૌત્ર શ્રી પાર્થ અશોકભાઈ પંડયાની ગુજરાતી ભાષા સાહિત્યનું ભારતની અનેક ભાષામાં ભાષાંતર કરવામાં આવે છે તેવી ગુજરાત વિદ્યાપીઠના ભાષાંતર વિભાગમાં સંકલનકાર તરીકે નિયુકતી કરવામાં આવી છે. હાલ તેઓ અલીયાબાડામાં સ્વ. ડોલરભાઈ માંકડનાં પુષ્કળ પ્રમાણમાં પ્રાચીન સાહિત્યના ભાષાંતરની કામગીરી પણ કરી રહયા છે.પાર્થ પંડયા રામકૃષ્ણ વિવેકાનંદ ટ્રસ્ટમાં સંકલન સમિતિના સભ્ય તરીકે પણ નિમાયા છે ઉપરાંત તેઓ શ્રી કસ્તુરબા વિકાસ ગૃહ સંસ્થામાં શુભેચ્છક સભ્ય તરીકે અને તેઓના પત્ની શ્રીમતી શ્રીમતી દર્શાગી પંડયાની સામાન્ય સભ્ય તરીકે નિયુકતી કરવામાં આવી છે.

પ્રાચીન સાહિત્યના અલભ્ય વારસાના જતનની મૂલ્યવાન કામગીરીમાં યોગદાન આપી રહેલ પાર્થ પંડયાને અભિનંદન આપવાં ઘટે.

પ્રત્યેક વિવાહીત યુગલમાં કમ સે કમ એક વ્યકિત મૂર્ખ હોય છે.

## વર્ષિત હાથીએ એમ.ડી. મેડીસીનમાં પ્રવેશ મેળવ્યો



રાજકોટ નિવાસી શ્રી દિનેશચંદ્ર અને શ્રીમતી મીનાબેન હાથીના પુત્ર તે સ્વ. નરેન્દ્રરાય અને મૃદુલાબેન હાથીના પૌત્ર અને સ્વ. ઇન્દ્રવદન મહારાજા અને સ્વ. સવિતાબેન મહારાજાના દોહિત્ર વર્ષિત હાથીએ તાજેતરમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવાયેલ પોસ્ટ ગ્રેજયુએટ મેડીકલ એન્ટ્રસ એકઝામમાં ઉર્તીણ થઈ જામનગર ખાતેની એમ.પી.શાહ મેડીકલ કોલેજમાં એમ.ડી. મેડીસીન માં પ્રવેશ મેળવ્યો છે. તેઓએ રાષ્ટ્રીય સ્તરે લેવાયેલ આ પરીક્ષામાં પણ ૮૩૧ મા ક્રમાંક સાથે ઉત્કૃષ્ટ દેખાવ કરેલ છે.

અભિનંદન સહ ઉજજવળ ભાવિની શુભકામના

## સિવિલ જજ તરીકે પસંદગી પામતા શ્રી હાર્દીવ વછરાજાની



જુનાગઢના ગં.સ્વ. મંજરીબેન (મમતાબેન) કીરીટકુમાર વછરાજાનીના પુત્ર હાર્દીવ તાજેતરમાં ગુજરાતની વડી અદાલત દ્વારા લેવાયેલ સિવિલ જજની કેડર માટેની ભરતી પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરી, જ્ઞાતિના મુળભુત ગુણોને સાકાર કરી નાની વયે સિવિલ જજ તરીકે પસંદગી પામી કુટુંબ અને જ્ઞાતિના ગૌરવમાં વધારો કરેલ છે. શ્રી હાર્દીવ વછરાજાની રાજકોટ નિવાસી સ્વ. જર્નાદનરાય એમ વછરાજાનીના પૌત્ર અને શ્રી ભદ્રેશભાઈ ઘોડાના જમાઈ થાય.

અભિનંદન સહ ઉતરોતર સિધ્ધિ સાથે ન્યાયતંત્રની ઈમારતને મજબૂતી બક્ષતા રહે તેવી શુભેચ્છા.

## જાણીતા રમતવીર શ્રી સતીષ વોરાનું બહુમાન



તા. ૪ -૩-૨૦૧૨ ના રોજ વડોદરા મુકામે સમગ્ર ગુજરાત સિનિયર સીટીઝન એશોશીએસનનાં ફેડરેશન સંચાલિત 'એજ કેર ફાઉન્ડેશન' દ્વારા વર્ષ દરમિયાન જુદા જુદા ક્ષેત્રમાં અગ્રીમ સ્થાન મેળવેલ હોય તેનું સન્માન કરવામાં આવેલ, આ સંસ્થા તરફથી રમતગમત ક્ષેત્રમાં ઉજજવળ કારકીર્દી પ્રાપ્ત કરવા બદલ જાણીતા રમતવીર અને હાટેકશ વ્યાયામ સંઘમાં તાલીમ પામેલ શ્રી સતીષ વોરાનું સન્માનપત્ર અને શીલ્ડ એનાયત કરી સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત લાયન શ્રી વાસુદેવ ઠકકર તરફથી શ્રી સતીષ વોરાનું બહુમાન કરવામાં આવેલ. આ પ્રસંગે વડોદરાના આશરે ૧૫૦૦ જેટલા સિનિયર સીટીઝન ઉપસ્થિત રહેલ.

## કુ. પ્રેરણા બુચે પેપર રજૂ કર્યુ

બાળકભાઈ વસાવડાના પુત્રી સુશ્રી કિર્તીદાબેનંના પુત્રી કુ. પ્રેરણા બુચે આંધ્ર યુનિવર્સિટી વિશાખાપટ્નમ ખાતે ૩૧ માર્ચ અને ૧ એપ્રિલ ૨૦૧૨ના નેશનલ સેમીનારમાં "Gurudev Mahatam Maharshi & Nationalisam- A study of selected writting " વિષય પર પેપર રજુ કર્યું. કુ. પ્રેરણા રાજકોટ ખાતેની શ્રીમતી કે.એસ.એન. કણસાગરા મહીલા કોલેજમાં અંગ્રેજી વિષયના વ્યાખ્યાતા તરીકે કાર્યરત છે.

વધુ નમ્રતા હંમેંશા નુકસાનકારક સાબિત થાય છે.

## નેશનલ સાઈબર ઓલિમ્પીયાડમાં રાજ્યમાં દ્વિતીય ક્રમે સ્વર વૈદ્ય



ભાવનગરની કે.પી.ઈ.એસ. ઈંગ્લીશ સ્કુલના ધોરણ-૭ ના વિદ્યાર્થી અને તુલસી તેમજ ભાવાર્થ વૈદ્યના પુત્ર ચિ. સ્વર સાયન્સ ઓલીમ્પીયાડ દ્વારા આયોજીત નેશનલ સાઈબર ઓલીમ્પીયાડના બીજા અને ફાઈનલ રાઉન્ડમાં ૭૦ ના નેશનલ રેંક સાથે સમગ્ર ગુજરાતમાં બીજો ક્રમ મેળવી જ્ઞાતિને ગૌરવ બક્ષેલ છે. આ ઉપરાંત તેમણે ઈન્ટરનેશનલ મેથેમેટીકસ ઓલિમ્પીયાડના પણ ફાઈનલ રાઉન્ડમાં પ્રવેશ મેળવી રાજ્યમાં ૯ મો તેમજ ૨૧૦ મો ઈન્ટરનેશનલ રેંક મેળવેલ છે. ફાઉન્ડેશન દ્વારા અમદાવાદ ખાતે યોજાનાર રાજ્ય કક્ષાના ઈનામ વિતરણ સમારંભમાં સ્વરની આ સિધ્ધિ બદલ ઈનામ સાથે સન્માન કરનાર છે. આ સમારંભમાં ધોરણ ૧ થી ૧૨માં રાજ્ય કક્ષાએ પ્રથમ ૩ સ્થાન મેળવનાર ને પુરસ્કૃત કરાય છે. સાઈબર ઓલીમ્પીયાડના ગુજરાતના દરેક ધોરણના ત્રણ તેમ કુલ ૩૬ વિજેતાઓમાં સમગ્ર સૌરાષ્ટ્ર માંથી એક માત્ર વિદ્યાર્થી તરીકે સ્વરે સ્થાન મેળવેલ છે. આ ઓલિમ્પીયાડમાં ભારતભરની ૨૦૦૦ થી વધુ શાળાના આશરે ૧ લાખથી વધુ વિદ્યાર્થીઓ ભાગ લે છે. સેન્ટ્રલ બોર્ડના અભ્યાસ ક્રમ અનુસાર લેવાતી આ કસોટીમાં સ્ટેટ બોર્ડના વિદ્યાર્થી તરીકે સ્વરે મેળવેલ સિધ્ધિ વિશેષ અભિનંદનીય છે. અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં વિકાસવર્તુળ ટ્રસ્ટ આયોજીત સામાન્ય જ્ઞાન બુદ્ધિ કસોટીમાં પણ સ્વરે સમગ્ર રાજ્યમાં બીજું સ્થાન પ્રાપ્ત કરી શિષ્યવૃત્તી મેળવેલ છે. દિવ્યભાસ્કર આયોજીત ભાસ્કર જીનીયસ એકઝામમાં તેઓ ગત વર્ષે ધોરણ ૬ માં રાજયમાં સાતમા સ્થાને વિજેતા બનેલ.

## હિતાર્થ મહેતા કારકિર્દીનું એક અલગ ક્ષેત્ર



કારકીર્દીના ઘડતર માટે અનેક ક્ષેત્રોમાં તક હોય છે અને જે તે ક્ષેત્ર માટે શૈક્ષણિક લાયકાત કેળવી યોગ્યતા/ક્ષમતા અનુસાર યુવાનો કારકીર્દીનું ઘડતર કરી અન્યને માટે પ્રેરક બનતા હોય છે.

વલ્લભવિદ્યાગર સ્થિત ઉશનસ પ્રફુલ્લભાઈ મહેતાન પુત્ર હિતાર્થ મહેતાએ ઔદ્યોગિક ક્ષેત્રે સ્વાસ્થ્ય અને સલામતી વિષયમાં વલ્લભવિધાનગર ખાતેની સરદાર પટેલ યનિવર્સિટી માંથી Industrial Hygiene & Saftyમાં માસ્ટર ડીગ્રી મેળવી અને Senior excutive industrial hygienist તરીકે રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેટ પાર્ક નવી મુંબઈ ખાતે જુલાઈ ૨૦૧૧ માં જોડાયા છે.

## અર્પિત ઢેબર એમ. બી. બી. એસ. થયા



મહેસાણા સ્થિત વીરેન્દ્રભાઈ અનુપરાય ઢેબર અને શ્રીમતી ખ્યાતિ ઢેબર ના પુત્ર અર્પિત એમ બી બી એસ ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા.

*'માણસ'*

*ચહેરા ઉપર ચહેરો પહેરી જો ઉભો ઈ માણસ*
*આંખોમા હોય ભલે કરૂણા ઝેર ઓકતો માણસ*
*સ્વાર્થ ઈર્ષા બદલો ને દંભ જેના છે પરીધાન*
*એકબીજાની હુંસાતુંસી હરિફાઈ કરતો માણસ*
*સંવેદશીલ પ્રાણી છતાં લાગણીથી અચેતન*
*ખબર રહે નહીં એવી રીતે ખતમ કરી દે માણસ*
*ભાવ ગયો અભાવ રહયો બદલાણો સ્વભાવ*
*અવતાર ભલે હો કીમતી સસ્તો થઈ ગયો માણસ*

*– સમીર પોટા (શ્રીકાન્ત) રાજકોટ.*

# ----- લગ્ન વિષયક જાહેરાત -----

**(ફોન નંબર મેળવવા સવારે ૧૨ થી ૧ રાત્રે ૮ થી ૯ દરમ્યાન ૨૪૫૩૦૬૩ ઉપર ફોન કરશો...)**

(૧) એમ.સી.એ., જ. ૭/૧૯૮૫ સોફ્ટવેર એન્જીનીયર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૬૫–

(૨) બી.કોમ.,કોમ્પ્યુ. કોર્ષ, જ. ૧/૧૯૮૬, ૫'.૭'' ઉંચાઈના ઔક્ષણસ ગોત્રના સીએમએસ. ઈન્ફોસીસ કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. ૦૭૯–

(૩) એમ. ડી. મેડીસીન,૨૫ વર્ષ, ઉં. ૫'.૯''ના યુવકને યોગ્ય સમકક્ષ કન્યા. સંપર્ક : ૦૨૮૧– મો.

(૪) ડીએચએમએસ.(હોમીયોપેથી) જ. ૧૨/૧૯૮૮ ઉંચાઈ ૫' મહેસાણા હોમીયોપેથી હોસ્પિટલમાં નોકરી કરતી કાશ્યપ ગોત્રની કન્યાને યુવક. સંપર્ક : ૦૨૭૬૨–

(૫) બી.કોમ., જ. ૧૦/૧૯૮૪, ઉંચાઈ ૫'.૪'' ની કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧–

(૬) બી.એ., જ. ૧૧/૧૯૮૮, ઉંચાઈ ૫'.૧'' ની કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧–

(૭) બી.એ., જ. ૧૦/૧૯૮૩, ઉંચાઈ ૫'.૧'' ની માંગલિક કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧–

(૮) બી.કોમ., જ. ૧૨/૧૯૮૭, કન્યાને યુવક. સંપર્ક : ૦૨૨– મો.

(૯) જ. ૬/૧૯૮૬ પ્રા. કંપનીમાં નોકરી કરતા (પગાર ૮૦૦૦/-) યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૩૬–

(૧૦) એમ.બી.એ., જ. ૧૨/૧૯૯૦, ઉંચાઈ ૫'ની કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૫–


ઈશ્વરે આપેલી મહામૂલી જીંદગી પ્રત્યે બેદરકારી શા માટે ? તન મનથી સ્વસ્થ તો જીવન જીવવાની મજા...તન મનથી સ્વસ્થ અને નિરોગી રહેવા માટે લો...**નેચરામોર.**

**આ નેચરામોર શું છે ?....**

આ એક સોયાપ્રોટીન, આઈસોલેટ એલોવીરા એકસ્ટ્રેટ, ઓમેગા ૩ ડીએચએ અને બધાં મળીને કુલ ૨૦ જેટલાં વનસ્પતિજન્ય તત્વો– ગાયત્રી બાયોઓર્ગેનિકસ – કસોલી રોડ (પરવાનું) હિમાચલ પ્રદેશ દ્વારા સંશોધન કરાયેલ જી.એમ.પી. દ્વારા પ્રમાણિત કરાયેલ હેલ્થફૂડ છે. જે 'ટોપ ટુ બોટમ' શરીરમાંના ખરાબ દ્રવ્યોને બહાર કાઢી હઠીલા દર્દો માટે અકસીર છે. આ ઉપરાંત બ્યુટીકેર માટે પણ છે...

એક વાર વાપરી અનુભવ કરી ખાત્રી કરો.

વધુ માહિતી માટે લોગઈન કરો... www.netsurfnetwork.com

**અનુભવીઓની CD જોવા અને વધુ માહિતી માટે સંપર્ક કરો...**

**રાજકોટ : બાલેન્દુ યુ. મહેતા ફોન નં. ૯૪૨૮૨ ૯૯૭૦૧ / ૭૬૦૦૬ ૦૨૨૭૨**
**જામનગર : નૈષધ એચ. વસાવડા મો. નં ૯૪૨૮૩૧૯૯૧૦**
**ગાંધીનગર : હેમાંશુ એન. ભચેચ મો. નં ૯૯૯૮૫ ૧૮૧૮૫**


શત્રુઓના આક્રમણ કરતાં મિત્રની ખુશામત વધુ જોખમી.

## શ્રી મૃદંગ મહેતા દ્વારા વિશિષ્ટ પ્રેઝન્ટેશન

ગુજરાત ટેકનીકલ યુનિવર્સિટી દ્વારા તા. ૧૪-૪ અને ૧૫-૪-૧૨ ના રોજ અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન અમદાવાદ ખાતે પ્રથમ વખત First National Conference in the Emerging Vistas of Teachnologi in 21 Century અંગે જુદા જુદા ક્ષેત્રના તેમજ કોલેજ અને યુનિવર્સિટી ના ૪૦ જેટલા ટેકનીકલ નિષ્ણાંતો -પ્રોફેસરો દ્વારા પ્રેઝન્ટેશન રાખવામાં આવેલ. તે પૈકી ડી ડીઆઈ ટી નડીયાદ કોલેજ -યુનિવર્સિટીના એસોસીએટેડ પ્રોફેસર શ્રી મૃદંગ તુષારભાઈ મહેતા અને તેના વિદ્યાર્થી શ્રી આનંદ પંડયાએ Comparison of enhanced overalay scheme & multipath ring routing scheme for wireless sensor net-work અને Impact of multipal sink nodes over single sink node on wireless sensor net work using multipath ring routing protocol વિષયક બે પ્રેઝન્ટેશન રજૂ કર્યા હતાં. એ.એમ.એ. માં જુદા જુદા નિષ્ણાંતોએ રજુ કરેલ ૪૦ પ્રેઝન્ટેશન માંથી શ્રી મૃદંગ મહેતા અને આનંદ પંડયાએ રજુ કરેલ પ્રેઝન્ટેશનને ત્રીજા ક્રમે પસંદ કરી પુરસ્કાર આપવામાં આવેલ. તથા તેને The Indian Journal of Tecnical Education ના અંકમાં સૌથી પ્રથમ અગ્રતા ક્રમે પ્રસિધ્ધ કરવામાં આવ્યાં. શ્રી મૃદંગ મહેતાએ ભારતની ખ્યાતનામ આઈટીઆઈ પૈકીની આઈટી આઈ રૂરકીમાંથી ઈન્ફરમેશન ટેકોનોલોજી વિષયમાં એમ. ટેક. ની ડીગ્રી મેળવેલ છે.

## ગૌરવનું ગુરૂશિખર સ્વ. વિશ્વનાથભાઈ હાથી

જીંદગીનો એ જ સાચેસાચ પડઘો છે ગની, હોય ના એ વ્યકિત ને એનું નામ બોલાયા કરે

- ગની દહીંવાલા

સૌરાષ્ટ્ર જન્મભૂમિ પણ પાલનપુર અને બનાસકાંઠા જિલ્લાને કર્મભૂમિ બનાવનાર પાલનપુરની અસ્મિતાના પ્રહરી અને બનાસકાંઠા જિલ્લાના અનેકવિધ સામાજીક અને રચનાત્મક પ્રવૃતિઓનીસુવાસ ફેલાવનાર અને જિલ્લાની અનેક સંસ્થાઓમાં પોતાનું આગવું યોગદાન આપનાર નાગર રત્ન અને નાગર જ્ઞાતિનું ગૌરવ શ્રી વિશ્વનાથ ડોલરરાય હાથી (હાથીકાકા) ની તેમના પુત્રો શ્રી જયંતભાઈ, શ્રી દીનેશભાઈ, અને ડો. શ્રી માર્તંડભાઈ તથા સુધાબેને તૈયાર કરેલાં પુસ્તક "ગૌરવનું ગુરૂશિખર" લોકાર્પણ વિધિ શહેરના નામાંકિત અગ્રગણ્ય નાગરિકો, પત્રકારો મિડિયાકર્મીઓ તથા ગામ બહારથી આવેલ પરીવારજનોની ઉપસ્થિતિમાં ગુજરાત રાજયના ભૂતપુર્વ મુખ્ય સચિવ અને બનાસકાંઠાના પૂર્વ કલેકટર શ્રી પ્રવીણભાઈ લ્હેરી (આઈએએસ) ના વરદ હસ્તે પાલનપુર ખાતે તા ૨૨-૪ ના રવીવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે શ્રી કનુભાઈ મહેતા સાંસ્કૃતિક હોલમાં કરવામાં આવી. સભાના અધ્યક્ષપદે પાલનપુરના પ્રખ્યાત ધારાશાસ્ત્રી અને બનાસકાંઠા જિલ્લાના કેળવીણીમંડળના પ્રમુખ શ્રી શીરીષભાઈ મોદી મુખ્ય મહેમાન તરીકે, લોકનાયક અને પૂર્વ સાંસદ શ્રી હરીષભાઈ ચાવડા અતિથિ વિશેષ તરીકે બનાસકાંઠાના નિવૃત કલેકટર શ્રી એસ. એસ. વાઘેલા ઉપસ્થિત હતા. સભાનું સંચાલન પાલનપુરના ખ્યાતનામ શાયર શ્રી મુસાફીર પાલનપુરીએ કર્યું. સભામાં વકતાઓએ હાથીકાકાની સેવાઓને ખુબ બિરદાવી. હાથીકાકાના જીવનને લગતા ફોટાઓના સ્લાઈડ શોએ સારૂં એવું આકર્ષણ જમાવ્યું, આ પ્રસંગે હાથીકાકાના ત્રણે પુત્રોએ પ્રાસંગિક ઉદબોધનમાં તેમના પિતાશ્રીના તર્પણ કર્યાની લાગણી અનુભવી. સમારંભની પૂર્ણાહુતિ રાષ્ટ્રગીત સાથે કરાયા બાદ અંતમાં સ્નેહ ભોજનનો રસાસ્વાદ માણી આમંત્રિતોએ વિદાય લીધી.

સ્વ. મુ. વિશ્વનાથભાઈ હાથીની વિદાયને આજે ૨૨ વર્ષ થયા છતાં પાલનપુરીઓના દિલો દિમાગમાં આજે તેઓ એટલાજ જીવંત છે તેની પ્રતિતી અને ઉકત ઊકિતની સાર્થકતા છે. પુસ્તકનું વિહંગાવલોકન હવે પછી...

ઘરની બહારની તખ્તી માત્ર તમારું નામ દર્શાવે છે. સ્વભાવ નહીં.

## ભાવનગર ખાતે ડીરેકટરીનું વિમોચન

શ્રી ગોઘા ભાવનગર વડનગરા નાગર જ્ઞાતિ હિતાર્થ ફંડના શતાબ્દી વર્ષ (૧૯૧૧-૨૦૧૧) ની યાદગીરી નિમીતે ભાવનગર, અમદાવાદ,વડોદરા, રાજકોટ, વલ્લભવિદ્યાનગર વગેરે શહેરોમાં મૂળ ભાવનગરના વડનગરા નાગર જ્ઞાતિજનોની ડીરીકટરી "સંભારણું" ના વિમોચનનો કાર્યક્રમ તારીખ ૬-૫-૧૨ રવિવારના શિવશકિત હોલ ભાવનગર ખાતે યોજાય ગયો. આ સમારંભના મુખ્ય મહેમાન શ્રી પદ્મનાભભાઈ પી વોરા (પૂર્વ ચેરમેન અને મેનેજીંગ ડીરેકટર ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડીયા) ના શુભ હસ્તે વિમોચન કરવામાં આવેલ. સેવા નિવૃત્ત મેજર શ્રી નિતીનભાઈ કે. મહેતા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમોનું પ્રમુખ સ્થાન પ્રોફેસર શ્રી ભાસ્કરભાઈ વાય. મહેતા -વિકલાંગ કમિશ્નર શ્રી (નિવૃત) ગુજરાત રાજય-એ સંભાળેલ. સંસ્થાના ટ્રસ્ટીઓ શ્રી દધીચી મહેતા ,અમુલ દેસાઈ તથા પરીમલ મહેતા એ પુષ્પગુચ્છથી મહેમાનોનું સ્વાગત કરેલ. કાર્યક્રમની રૂપરેખા તથા શાબ્દિક સ્વાગત સંસ્થાના વડીલ ટ્રસ્ટી શ્રી હરકાંતભાઈ દેસાઈએ કરેલ. મહેમાનોનો પરિચય તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી નીરવ મહેતાએ જ્યારે આભાર દર્શન શ્રી આસુતોષ પી. ઓઝાએ કરેલ. કાર્યક્રમના અંતે ભોજન સમારંભ રાખવામાં આવેલ. શ્રી દધીચી મહેતા,ધર્મેન્દ્ર મહેતા તથા શ્રીનિવાસ વૈષ્ણવની મહેનતના પરિપાક રૂપે આકર્ષક ડીરેકટરી (સંભારણું) નું પ્રકાશન શકય બની શકયું.

## ધી ભાવનગર નાગર જીમખાનાના ઉપક્રમે સમૂહ જાગ યોજાયા

ધી ભાવનગર જીમખાના ઉપક્રમે તા. ૨૮-૪ થી ૫-૫- ૨૦૧૨ સુધી હરીનાગર નિવાસ ભાનો ડેલો ભાવનગર ખાતે સમૂહ જાગનું આયોજન કરવામાં આવેલ. ભાવનગર તથા બહારગામ વસતા કુલ ૨૦ પરીવારોના યજમાનપદે યોજાયેલ સમૂહ જાગની પૂજા વિધિ આચાર્ય શ્રી મહીપતભાઈ જોષી તથા સહકાર્યકર દ્વારા શાસ્ત્રોકત વિધિ અનુસાર સવાર તથા સાંજના સમયે કરવામાં આવેલ. પૂજા વિધિ બાદ થાળ ધરવા (પ્રસાદ) યજમાનોને શરબત, ચા કોફી વિગેરેની સુંદર વ્યવસ્થા નાગર જીમખાનાના કાર્યકર્તા દ્વારા કરવામાં આવેલી. તા ૫-૫-૨૦૧૨ ના છેલ્લા દિવસે સમુહ પ્રસાદનું આયોજન કરવામાં આવેલ. સમૂહ જાગના સાત દિવસ દર્શન કરવાનો લાભ જ્ઞાતિજનોએ લીધેલ. આ સમુહ જાગના સુવ્યવસ્થિત આયોજન બદલ પ્રમુખશ્રી, મંત્રીશ્રીઓ તથા કાર્યકર્તાઓને સૌએ અભિનંદન પાઠવી દર વર્ષે આવું આયોજન કરવાની લાગણી વ્યકત કરી હતી. સંસ્થાના પ્રમુખ શ્રી ખમીર મજમુદારે જ્ઞાતિજનોની લાગણી અને માંગણી સ્વીકારવાની ખાત્રી આપી હતી. પ્રમુખશ્રી ખમીરભાઈ મજમુદાર, મંત્રીશ્રી નીરવ મહેતા તથા અભીજીત મહેતા તથા અન્ય હોદેદારો કાર્યકરોની જહેમતથી ધાર્મિક કાર્ય સફળતાથી સંપન્ન થયેલ.

## ભાર્ગવ માંકડનું પેપર પ્રેઝન્ટેશન



પૂના ખાતે ઈન્ફોસીસ કંપનીમાં સીસ્ટમ એન્જીનીયર તરીકે ફરજ બજાવતા રાજકોટના ભાર્ગવ માંકડ (દિપકભાઈ -હીનાબેનના પુત્ર અને મંજુભાઈ - અવંતિકાબેન માંકડના પૌત્ર અને મોરબી નિવાસી સ્વ. જયેન્દ્રભાઈ-ઉષાબેન વત્સરાજના દોહિત્ર)એ વર્ષ - ૨૦૧૧માં નિરમા યુનિવર્સિટીની આઇ.સી. શાખાના સેમેસ્ટર-૮માં તૈયાર કરેલ મેજર પ્રોજેકટ IMC Based Liquid Level Control System અંતર્ગત કરેલ સંશોધન પેપરને નિરમા યુનિ. દ્વારા યોજાયેલ International Conference on Current trends in technology - Nuicone-2011 માં IEEE (U.S.) દ્વારા પસંદગી પામી તા. ૧૬/૨/૧૨ના ડીઝીટલ લાઇબ્રેરીના જરનલમાં પ્રકાશિત કરવામાં આવ્યું.

નિષ્ફળતાની ઈમારત આળસના પાયા ઉપર રચાતી હોય છે.

## મલેશીયામાં ગુજરાતનું નામ રોશન કરતાં અર્ચિતા મહેતા



ભાવનગરના મુંબઈ સ્થિત ભારત નાટયમ નૃત્યાંગના અર્ચિતા ઉષાકાંત મહેતાએ તાજેતરમાં મલેશીયાના કુઆલાલમ્પુર શહેર ખાતે ૧૨-૩ થી ૧૭-૩ -૧૨ સુધીની એક અઠવાડીયાની નૃત્ય તાલીમ શિબિરનું સંચાલન કર્યું.આ શિબિરમાં તાલીમ લેનાર ૩૨ વિદ્યાર્થીઓને તેમણે " વર્કશોપ ઓન ગુજરાતી ફોક ડાન્સ" કાર્યક્રમ હેઠળ તાલીમ આપી હતી. શિબિરને અંતે વિદ્યાર્થીનીઓએ ઉપરોકત ગુજરાતી લોકનૃત્યનાં કાર્યક્રમની કલાત્મક પ્રસ્તુતિ પણ કરી હતી સમગ્ર કાર્યક્રમને વિશાળ પ્રેક્ષક વર્ગ તરફથી અભૂતપુર્વ પ્રતિસાદ સાંપડયો હતો. તે જ રીતે અર્ચિતાએ પોતે પણ ભારત નાટયમ નૃત્ય શૈલીમાં ઢાળીને સુરદાસની હિન્દી કૃતિ "યશોદા હરી પાલને ઝુલાવે" તથા નરસિંહ મહેતાની 'ભોરી રે ભરવાડણ હરીને વેંચવા ચાલી' જેવી ગુજરાતી કૃતિઓની એક વ્યકિત નૃત્ય પ્રસ્તુતિ કરી હતી. ઉપરોકત શિબિર માટે અર્ચિતાને આમંત્રણ આપનાર સંસ્થા કુઆલાલ્મપુરની "ક્ષેત્રા એકેડમી ઓફ ભારત નાટયમ" હતી. આ શિબિર માટે નૃત્યાંગના અપ્સરાની ઉપરોકત સંસ્થાને ભારત સરકારની પ્રતિષ્ઠિત "ઈન્ડીયન કાઉન્સીલ ઓફ કલ્ચરર રીલેશન્સ" સંસ્થાની આર્થિક સહાય પ્રાપ્ત થઈ હતી. કાર્યક્રમમાં ભારતના ડેપ્યુટી હાઈ કમિશ્નર પણ ઉપસ્થિત રહયા હતા.

## અનંતના યાત્રીઓ :

- મધુબેન મહેશચંદ્ર મહેતાનું નડીયાદ ખાતે - હરીનભાઈ નરસિંહરાય મુનશીનું અમદાવાદ ખાતે. નિમીષ મધુસુદન વૈદ્યનું અમદાવાદ ખાતે - અશોકકુમાર રજનીકાંન્ત ભટ્ટનું સુરત ખાતે. મીતાબેન દીલીપભાઈ મહેતાનું મુંબઈ ખાતે - નવીનચંદ્ર ઝવેરીલાલ ઓઝાનું અમદાવાદ ખાતે. રસિકલાલ ચીમનલાલ મુનશી (૯૨ વર્ષ) ગાંધીનગરનું ખાતે - અ. સૌ. ઉર્મિલાબેન ભાસ્કરભાઈ મંકોડી નું અમદાવાદ ખાતે - નરેન્દ્રરાય છગનલાલ બુચનું અમદાવાદ ખાતે - મધુસુદન વિઠલરાય રાવળનું કલોલ ખાતે.નલીનીબેન દેવીકુમાર દેસાઈનું અમદાવાદ ખાતે - શ્રી કુમાર કૃષ્ણલાલ પારઘીનું અમદાવાદ ખાતે. - વીરબાળા કશ્યપભાઈ મહેતાનું અમદાવાદ ખાતે - મહેન્દ્રકુમાર મહાશંકર રાવલનું અમદાવાદ ખાતે.- ડો. દીનકરભાઈ શંકરલાલ ત્રિવેદીનું અમદાવાદ ખાતે - વિદ્યાબેન પુષ્કરરાય વસાવડાનું જુનાગઢ ખાતે. - ડો. દીપકભાઈ જે. ભટ્ટનું અમદાવાદ ખાતે - મંજુલાબેન દેવેન્દ્રભાઈ મહેતા (૯૯વર્ષ) આણંદ - સુરેન્દ્રરાય રમણીકરાય નાણાવટી ગાંધીનગર ખાતે - અરવિંદભાઈ માંકડ (૭૪ વર્ષ) જુનાગઢ ખાતે - બાબુભાઈ રમણલાલ ભટ્ટનું અમદાવાદ ખાતે - ભુવનેશ્વરી નલીનકાન્ત વૈષ્ણવનું પોરબંદર ખાતે - શ્રી દેવીબેન જનાર્દનભાઈ છાયાનું જૂનાગઢ ખાતે - જગદીશભાઈ અરવિંદભાઈ વછરાજાની-૫૭ વર્ષ- જામનગર.

રમેશભાઈ જ્યોતિન્દ્રભાઈ ધોળકિયાનું રાજકોટ ખાતે તથા મુકેશભાઈ જ્યોતિન્દ્રભાઈ ધોળકિયાનું અમદાવાદ ખાતે દેહાવસાન થયું.માત્ર આઠ જ દિવસના ટૂંકા ગાળામાં પ્રૌઢ વયના બંને ભાઈઓના નિધનથી કુટુંબ ઉપર વજ્રાઘાત થયો. શું આવાં ઈશ્વર પારાયણ, માઈભકત સાત્વિક કુટુંબની ઈશ્વર આટલી આકરી કસોટી કરતો હશે ? સદ્‌ગતના આત્માની શાંતિ અને સહનશકિત પ્રાર્થીએ.

*હાસ્ય વિનાનું ગાંભીર્ય અને ગાંભીર્ય વિનાનું હાસ્ય અર્થશૂન્ય છે.*

## SLK Tours & Travels

**Romantic Himachal 11N / 12D**

Package price only Rs. 21000/ per person

Confirm Departure : 25th May

**Go...Go... GOA 3N / 4D**

Package price only Rs. 5200/- per person

Confirm Departure : 1st June

Chardham Yatra Rs. 28000/- per person

*Limited Seats Available....*

*So, book your trip now...Contact :*

*SLK Travels : 09699444771 / 09408784006 / 09323630701*

*Email : slktravelworld@gmail.com*

## ABM TRAVELS

**SUMAR DHAMAKA**

Singapore-Malaysia (6N/7D) Rs.59750
Singapore-Malaysia-Thailand (10N/11D) Rs.79750 per Adult/HongKong-Shenzhan (7N/8D)Rs.69750 - All Inclusive.

**Honeymoon tours**

Kerala/Rajasthan/Himachal/Goa
Mauritius/Maldives/Thailand/Bali/Sri Lanka
Langkavi-Penang/Phuket-Krebi-Samui

**Mountain Resort**

Nainital-Mussoorie/Darjeeling-Gangatok
Ooty-Kodaikanal/Mt.Abu/Leh-Ladakh

**Beach Resort**

Goa/Kumarakom-Alleppy/Kovalam-Poovar

**Cruise tours**

STAR cruise : Singapore-Malaysia-Thailand
Royal Cerribian : Mediterranean/Scandinevia
MSC cruise : Northern Europe/Mediterranean

**Pilgrims** CharDham/ Amarnath/Kailas-Mansarovar
Vaishnodevi/Tirupati/Ashta Vinayak
Panch Jyotirlings/Shirdi-Shinganapur

Booking of International destinations
SOTC THOMAS COOK COX & KING
STAR TOURS CLUB 7 KESARI

**Avinash Mehta, Mumbai 09820817318**
**abmtravels@gmail.com**

## All Your Travel Needs Under One Roof

Air Ticket Booking
Travels Bus Ticket Booking
DTH Recharge
All Types of A.C. / Non A.C. Cars On Rental Basis
Rail* Ticket Booking
Hotel Booking
Holiday Package

**Shree Hatkesh Travels**
7, Kailash Park, B/h.Natraj Nagar,University Road, Rajkot
Cell : 9825710296, 9429578295, 9825210278
shrihatkeshtravels@gmail.com


**<u>બરછી વિના મૂલ્યે (ફ્રી) વાંચી શકાશે...</u>**

**દેશ પરદેશમાં કલમ કડછી બરછીના વિશેષ પ્રચાર-પ્રસારાર્થે barchhi.com ની વેબસાઈટ ઉપર 'બરછી'ના મે જૂન જૂલાઈ ના અંકો આપ વિના મૂલ્યે વાંચી શકશો.**

**આપના સંતાનોના પરિણામ સાઈટ ઉપર મૂકી શકો છો...SO...lOG IN barchhi.com**


KALAM KADCHHI BARCHHI-GRJ-23
Registration Valid upto 31-12-2011

If not delivered Pl. return to :
Barchhi Karyalaya,Kotechanagar Main Rd, Rajkot - 360 001..

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.ફોનઃ ૨૪૫૭૦૬૭


ચિત્ર એટલે મુંગી કવિતા અને કવિતા એટલે બોલતું ચિત્ર .